ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

તા. ૭-૨-૨૦૨૧, રવિવાર



# મજરા નજીક ૩ વાહન ટકરાયા બાદ આગ

## સી.એન.જી. અને ઘાસ ભરેલું વાહન ટકરાયા પછી વિકરાળ આગ : એકનું મોત, પાંચ મુસાફરો ભયાનક આગમાં દાઝ્યા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૬

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે ઉપર મજરા ગામ નજીક સી.એન.જી. ગેસ ભરેલું વાહન ઘાસ ભરીને જતા અન્ય વાહન સાથે ટકરાઈ પડ્યા પછી ભયાનક આગ ફાટી નિકળી હતી. ભયાનક આગમાં અન્ય ત્રીજું વાહન પણ હોમાયું હતું. આગના કારણે વાહનોમાં મુસાફરી કરી રહેલા ૫ જણ સખ્ત રીતે દાઝી જતાં અમદાવાદ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે જે પૈકી મહિલાનું મોત નિપજ્યાનું બહાર આવ્યું છે. આગના પગલે સ્થાનિક તંત્ર અને ફાયર બ્રિગેડની ટીમો ઘટના સ્થળે પહોંચી હતી. ગણતરીના કલાકમાં આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. એક સાથે ૩ વાહનો આગમાં ભસ્મિભૂત થતાં નેશનલ હાઈવે ઉપર ટ્રાફીકજામ સર્જાયો હતો. સરકાર અને તંત્ર દ્વારા માત્ર બિલ્ડીંગ, હોસ્પિટલો અને શૈક્ષણિક સંકુલોમાં જ સુરક્ષાની સ્થિતિ ચકાસવામાં આવે છે પરંતુ હાઈવે ઉપર સાક્ષાત મોત સમા વાહનો યોગ્ય સુરક્ષા વગર દોડી રહ્યા છે જેના કારણે અન્ય વાહન ચાલકોની જીંદગી સામે જોખમ ઉભું થયું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર પ્રાંતિજના મજરા ચોકડી પાસે સી.એન.જી. સીલીન્ડર ભરીને જતું વાહન અને ઘાસ ભરેલું અન્ય વાહન ટકરાયા પછી ગેસ લીકેઝ થયો હતો અને આગ લાગતાં ગણતરીની મીનીટોમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ. જ્યારે એકાએક બે વાહનોમાં આગ લાગ્યા પછી અન્ય પીકઅપ ડાલુ પણ સળગતા વાહન સાથે ટકરાતાં નેશનલ હાઈવે ઉપર વાહનોનો અગનખેલ શરૂ થતાં તકેદારીના ભાગરૂપે અન્ય વાહન ચાલકોએ પોતાના વાહનો થંભાવી દીધાં હતાં. એક રીતે સુરક્ષા કોરાણે મૂકાતાં ગંભીર હાદસો બન્યાનું સ્થાનિકોએ જણાવ્યું છે. બેદરકારી જેની પણ હોય પરંતુ અત્યારે તો ભીષણ આગમાં ૫ મુસાફરો સખ્ત રીતે દાઝી ગયા હતા તે પૈકી મહિલાનું મોત નિપજ્યાની વિગત જાણવા મળી છે. બનાવ અંગે પ્રાંતિજ પોલીસને મળેલી વર્ધીના આધારે નોંધ કરવામાં આવી છે.







# જિલ્લામાં ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનું વેચાણ દ્વિ-ચક્રી વાહનો ખોટકાવવા લાગ્યાં

## પેટ્રોલમાં ભેળસેળની બુમરાણ મચી, બે મહિનાથી ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનું વેચાણ થતાં હાલાકી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પેટ્રોલમાં ૧૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પંપના સંચાલકોને સપ્લાય કરવામાં આવ્યા પછી દ્વિ-ચક્રી વાહનો ખોટકાવવાના બનાવ વધી ગયા છે. પેટ્રોલ ટેન્કમાં સામાન્ય પાણીનો ભાગ હોય તો સવારે વાહન ચાલુ કરવામાં પણ વાહન માલિકોને નાકે દમ આવી જતો હોય છે જેથી ૨ મહિનાથી પેટ્રોલમાં ભેળસેળ થતી હોવાની બુમરાણ મચી છે. સરકારે ઓઈલ કંપનીઓને પેટ્રોલમાં ઈથેનોલ મિશ્ર કરવાની સૂચના આપી છે જેથી દ્વિ-ચક્રી વાહનો ડચકાં ખાવા લાગતાં પેટ્રોલમાં ભેળસેળ હોવાની ગેરસમજ ઉભી થઈ છે.

રાજયના કેટલાક જિલ્લાઓમાં અગાઉથી ૧૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનું વેચાણ ઘણા લાંબા સમયથી થઈ રહ્યું છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૨ મહિનાથી સાદા પેટ્રોલમાં ૧૦ ટકા સુધી ઈથેનોલ ભેળવી ઓઈલ કંપનીઓ દ્વારા પેટ્રોલ પંપ સંચાલકોને સપ્લાય કરવાની શરૂઆત કરવામાં આવી છે જેથી મોટાભાગના વિસ્તારોમાં ખાસ કરીને દ્વિ-ચક્રી વાહનોમાં એન્જીનની ગરબડી વધી હોવાની ફરિયાદો સામે આવી છે. રોડ ઉપર ૪૦ થી ૫૦ની સ્થિર ગતિમર્યાદા ઉપર દોડતાં વિવિધ કંપનીઓનાં ટુ-વ્હીલર કાર્બ્યુરેટરને પેટ્રોલ પૂરતા પ્રમાણમાં મળતું ન હોય તે રીતે આંચકા ખાવા લાગ્યાં છે. કેટલાક વિસ્તારોમાં તો ૧૦ ટકા કરતાં પણ વધુ ઈથેનોલનું મિશ્રણ કરી પેટ્રોલ વાહન ચાલકોને પધરાવવામાં આવતું હોવાની ફરિયાદ ઉઠી છે. ઈથેનોલના કારણે વાહનો રસ્તામાં ખોટકાઈ પડે તે રીતે સ્પીડ તૂટતી હોવાથી પેટ્રોલ પંપના સંચાલકો ભેળસેળ કરતા હોવાના આક્ષેપો સામાન્ય બન્યા છે જો કે વાહનની પેટ્રોલ ટેન્કમાં ભેજ કે સામાન્ય પણ પાણી હશે તો ઈથેનોલ મિશ્રિત હોવાના કારણે ટેન્કમાં ઉપરની તરફ પેટ્રોલ અને નીચેની તરફ પાણી જેવો પદાર્થ ઠરી જતો હોય છે જેના કારણે રાસાયણિક રીએક્શન આકાર લેવાથી વાહન ચલાવવામાં આંચકા આવતા હોય છે અથવા તો વાહન બંધ પડી જતું હોય છે. છેલ્લા કેટલાય સમયથી પેટ્રોલ ટેન્કમાં ઈંધણ પુરાવ્યા પછી નિયમિત દ્વિ-ચક્રી વાહન ઉપર મુસાફરી કરનારા વાહનો આંચકા ખાતા હોવાની ફરિયાદો વધતાં આ મુદ્દે પેટ્રોલ પંપના સંચાલકો અને વાહન ચાલકો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવના છે.

### પેટ્રોલ પંપના સંચાલક શું કહે છે

બાયડ : જિલ્લામાં ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનું વેચાણ શરૂ કરવામાં આવ્યા પછી ખાસ કરીને દ્વિ-ચક્રી વાહનો ખોટકાઈ પડવાના કિસ્સા વધ્યા છે. વેણપુરના પંપ સંચાલક વાડીલાલ પટેલના જણાવ્યા અનુસાર ૨ મહિનાથી સાદા પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ કરી ઓઈલ કંપનીઓ પેટ્રોલ સપ્લાય કરી રહી છે જેના કારણે દ્વિ-ચક્રી વાહન ચાલકોએ તેમની પેટ્રોલ ટેન્ક તાત્કાલિક ધોરણે સર્વિસ સેન્ટરમાં સાફ કરાવી લેવી તેમજ તેમાં ભેજ કે પાણી ન રહે તેવી તકેદારી રાખવી. જેનાથી ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી થતી મુશ્કેલી નિવારી શકાય.

### પેટ્રોલમાં પાણી હોવાનો ઉહાપોહ

બાયડ : પેટ્રોલથી દોડતાં વાહનોના માલિકોએ વાહનની પેટ્રોલ ટેન્ક પાણી રહીત રાખવી હવે અનિવાર્ય છે. કારણ કે સરકારે ઓઈલ કંપનીઓને પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રિત કરવાનો આદેશ આપ્યો છે. જેના કારણે પેટ્રોલમાં પાણી હોવાની ગેરસમજ વધી છે. મિશ્રિત પેટ્રોલના કારણે વાહનો રસ્તામાં ખોટકાવવા લાગ્યાં છે તો કેટલાક વાહનો આંચકા ખાતાં હોવાથી જિલ્લાના પેટ્રોલ પંપો ઉપર વેચાણ થતા પેટ્રોલમાં અન્ય ભેળસેળ અથવા તો પાણી હોવાનો ઉહાપોહ શરૂ થયો છે.

# હિંમતનગરના પાણપુર પાસે કતલખાને જતા ૨ પશુ બચાવ્યા

## ૨ ઈસમોની અટકાયત

બાયડ, હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૬

હિંમતનગરના પાણપુર નજીક ડાલામાં મરણતોલ હાલતમાં કતલખાને લઈ જવાતા ૨ પશુઓને ગ્રામ્ય પોલીસે બચાવી ૨ જણની અટકાયત કરી છે. બંન્ને ઈસમો સામે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૧ અને પશુ ક્રૂરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર પોલીસને બાતમી મળી હતી કે હિંમતનગરના કાણીયોલ ગામનો ઋત્વિક મહેશભાઈ પટેલ તથા લાલા નામનો શખ્સ ડાલામાં મરણતોલ હાલતમાં દોરડાથી બાંધેલી સફેદ ગાય તથા આખલો લઈને કતલખાના તરફ જઈ રહ્યા છે જેથી પોલીસે બાતમીના આધારે પાણપુર નજીક વાહન થોભાવી રૂા.૨૨ હજારની કિંમતના બે મૂંગા પશુ તેમજ ડાલા સહિત રૂા.૩,૨૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# બાયડના જંગલ અધિકારીઓની જંગલીયત, ઘાયલ શિયાળને સારવાર આપવામાં ખો

## ઉચ્ચ કક્ષાએ ફરિયાદ પછી ઉપકાર કરતા હોય તેમ સારવાર માટે મોકલ્યું

બાયડ તા.૦૬

બાયડના જંગલ અધિકારીઓનો જંગલીયત જેવો વર્તાવ સામે આવ્યો છે. છાપરીયા નજીક અકસ્માતથી ઘાયલ થયેલા શિયાળને સારવાર આપવામાં ૨૪ કલાકનો વિલંબ થતાં વન્ય પ્રાણી અસહ્ય પીડામાં કણસતું રહ્યું છેવટે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ થયા પછી નિષ્ઠુર તંત્રએ દેખાડા પૂરતી માનવતા દાખવી ઘાયલ શિયાળને સારવાર માટે વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર અમદાવાદ મોકલવામાં આવ્યું હતું.

બાયડના વન વિભાગના અધિકારીઓએ વન્ય સંપદાઓ લૂંટવામાં કોઈ કચાસ રાખી નથી. દિવસ-રાત મોબાઈલ ઉપર જ મચ્યા રહે છે અને ફિલ્ડમાં જવાના બદલે સાહેબગીરી કરતા જોવા મળ્યા છે. જેના કારણે વન્ય જીવોની તસ્કરીના ગંભીર બનાવો બાયડ તાલુકામાં નોંધાયા છે. ત્યારે બહાર આવેલી વિગતો અનુસાર બાયડ-દહેગામ હાઈવે ઉપર છાપરીયા ગામ નજીક કોઈ અજાણ્યા વાહનની ટક્કરે શિયાળ ઘાયલ થયું હતું અને આગળનો પગ ભાંગી જતાં ત્યાં જ ફસડાઈ પડ્યું હતું. ત્યારબાદ વન્ય જીવ પ્રેમીઓએ આ અંગે વન વિભાગને જાણ કરતાં વાત્રકની નર્સરીમાં મૂકવામાં આવ્યું પરંતુ આર.એફ.ઓ., એમ.એસ. ફુલેતરા અને તેમની કહ્યાગરી ટીમે વન્ય જીવ અત્યંત પીડાદાયક હાલતમાં કણસતું હોવા છતાં સારવાર આપવાના બદલે વાત્રકની નર્સરીમાં કોઈપણ પ્રકારની સારવાર આપ્યા વગર ગોંધી રાખવામાં આવ્યું હતું છેવટે કોઈએ આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતાં તેની સીધી અસર સ્થાનિક અધિકારીઓ ઉપર પડી હતી અને ગંભીર રીતે ઘાયલ શિયાળને વધુ સારવાર માટે અમદાવાદના દસ્ક્રોઈ રેન્જની વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યું છે.



### આર.એફ.ઓ. ઉવાચ, મને નહીં સ્ટાફને જાણ કરો

છાપરીયા પાસેથી ઘાયલ શિયાળ મળી આવ્યા પછી સારવાર માટે વન્ય પ્રેમીએ વન વિભાગના અધિકારીને ધ્યાન દોરતાં પોતે રાજ્યના વરીષ્ઠ વન અધિકારી છે તેવા ખ્વાબમાં રાચતા આર.એફ.ઓ. ફુલેતરાએ આવી બાબત મને નહીં પરંતુ મારા સ્ટાફને જણાવી તેવો ઉદ્ધત જવાબ આપ્યાની પણ વિગત સામે આવી છે.



### તલોદમાં ૧૨૦ ફ્રન્ટલાઈન વોરિયર્સને કોરોનાની રસી

તલોદમાં બીજા તબક્કાના કોરોના રસીકરણનો પ્રારંભ થયો છે ત્યારે તલોદ તાલુકાના ૧૨૦ ળન્ટલાઈન કોરોના વોરિયર્સને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો તલોદ પી.એસ.આઈ., ભરતસિંહ રાઠોડે કોરોના વેક્સિનેશન કરાવ્યા પછી સૌને કોઈપણ પ્રકારના ડર વગર અને ખોટી અફવામાં ન આવી સરકાર દ્વારા આપવામાં આવતી રસીનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત તલોદ પાલિકા ચીફ ઓફીસર સંજય રામાનુજ સહિત આરોગ્ય કર્મીઓએ રસીકરણ કરાવ્યું હતું.

# જિલ્લા માધ્યમિક વહીવટી કર્મચારી સંઘના મહામંત્રી તરીકે નિયુક્તિ

અરવલ્લી જિલ્લા વહીવટી કર્મચારી સંઘની કારોબારી બેઠક શામળાજી ખાતે યોજાઈ ગઈ જેમાં સંઘના મહામંત્રી તરીકે કૌશિકભાઈ સોનીની સર્વાનુમતે વરણી કરાતાં મોડાસા, બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ અને ભિલોડા તાલુકાના વહીવટી કર્મચારીઓએ નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.



# પ્રદેશ પ્રમુખના સપાટામાં કેટલા સીનીયર કાર્યકરોની ટીકીટ કપાશે, ઉત્સુક્તા

## સાબરકાંઠા, અરવલ્લીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી માટે ભાજપ પાલમિેન્ટ્રી બોર્ડની ક્વાયત શરૂ : સાહેબ, અમારે ૫૫ વર્ષ થયાં છે આ છેલ્લી ચૂંટણી છે ટીકીટ આપશો, સંગઠન સમક્ષ રજુઆતથી રમુજ ફેલાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૬

ભાજપ દ્વારા ૭ મહાનગરપાલિકાઓની ચૂંટણીના ઉમેદવારોની યાદી જાહેર કર્યા પછી યુવા કાર્યકરોમાં ખુશાલી જોવા મળી છે. ૬૦ વર્ષથી ઉપરના, સતત ૩ ટર્મથી ચૂંટાતા નગરસેવકોની ટીકીટ કપાયા પછી હવે સ્થાનિક સ્વરાજયના ચૂંટણી જંગમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં પણ અનેક સીનીયર કાર્યકરો નવા માપદંડમાં વેતરાઈ જશે અને ઉત્સાહી યુવા કાર્યકરોને આપો આપ ચૂંટણી લડવાની તક મળી શકે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૬૬ જિલ્લા પંચાયત, ૩૦૦ તાલુકા પંચાયત અને ૧૨૦ નગરપાલિકાની બેઠક માટે ઉમેદવારોની પસંદગી માટે ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડમાં આજથી ક્વાયત શરૂ થવાની છે. ત્યારે ૫૫ વર્ષે પહોંચેલા કેટલાક સીનીયર આગેવાનોએ સાહેબ, આ છેલ્લી ચૂંટણી છે ટીકીટ આપશો..તેવી સંગઠન સમક્ષ રજૂઆતથી રમુજ ફેલાઈ છે. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના સપાટામાં જિલ્લાના કેટલાય સીનીયર કાર્યકરોની નવા માપદંડ આધારે ટીકીટ કાપી શકાય છે જો કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં નવી સીસ્ટમ અમલી બનવાની સંભાવના કેટલી..?? તે અંગે અટકળો ચાલી રહી છે.

ભાજપમાં જોડાવવા માટે અને ઉમેદવારી નોંધાવવા માટે કાર્યકરોમાં રીતસરની હોડ જામી છે. અન્ય ડૂબતા રાજકીય પક્ષની નાવમાંથી કૂદાકૂદી શરૂ થઈ છે. તે જોતાં ભાજપના જ અદના કાર્યકરોને ટીકીટ ફાળવણીમાં અન્યાય નહીં થાય ને..?? તેવો સવાલ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાના ભાજપના કાર્યકરો અને આગેવાનોમાં થાય એટલે સ્વાભાવિક છે. બંન્ને જિલ્લા પંચાયત, ૧૪ તાલુકા પંચાયત, બાયડ, મોડાસા, હિંમતનગર, વડાલી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તા.૨૮ ફેબ્રુઆરીએ યોજાવવાની છે. આ સંજોગોમાં ભાજપે સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ફતેહ મેળવવા માટે ભાજપ દ્વારા સ્વચ્છ છબી ધરાવતા જીતી શકે તેવા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લઈ જિલ્લા સંગઠન દ્વારા ઉમેદવારોની યાદી તૈયાર થઈ છે. પ્રદેશ નિરીક્ષકોએ તેમાંથી પેનલો તૈયાર કર્યા પછી પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડમાં રજૂ થશે અને ત્યાંથી ઉમેદવારો ઉપર મહોર વાગવાની છે. આ સંજોગોમાં ભાજપમાં ૬૦ વર્ષની વય વટાવી ચૂકેલા સીનીયર કાર્યકરોની ટીકીટ કપાશે કે પછી જીવતદાન મળી શકે છે..?? ટૂંકમાં નવા પ્રદેશ પ્રમુખના નિર્ણયને મોટા ભાગના ભાજપના કાર્યકરો અને યુવા કાર્યકરોએ આવકાર્યો છે તે જોતાં સીનીયર કાર્યકરોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

## ડીઝીટલ ઈન્ડીયાનો તાયફો

# ઈડરમાં બપોર પછી મોબાઈલમાંથી બી.એસ.એન.એલ.નું નેટવર્ક ગાયબ

## ચૂંટણી અગાઉ કથળતી સેવાઓથી ગ્રાહકોમાં ભરપૂર આક્રોશ

ઈડર (બ્યુરો ઓફિસ) તા.૦૬

અમે ઈડરીયો ગઢ જીત્યા રે આનંદ ભયો..ગીતથી મશહૂર બનેલા ઈડરમાં સમસ્યાઓ વકરી રહી છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણી રાજકીય ગરમાવો છે ત્યારે શનિવારે બપોર પછી ઈડર તથા આસપાસના વિસ્તારમાંથી બી.એસ.એન. એલ.નું નેટવર્ક ગાયબ થઈ જતાં ગ્રાહકોમાં કથળતી સેવાઓ સામે ભરપૂર આક્રોશ જોવા મળ્યો છે.

બી.એસ.એન.એલ. ભૂતકાળ બનવા તરફ આગળ વધ્યું છે. અગાઉ બી.એસ.એન. એલ.ના જિલ્લાના ૨૯૦થી વધુ કર્મચારીઓએ સ્વૈચ્છીક નિવૃત્તિ લીધા પછી બી.એસ.એન. એલ.ના અસ્તિત્વ સામે ખતરો મંડાયો છે.

વેપારી અને આર્થિક નગરી ગણાતા ઈડર શહેરમાં બપોર બાદ બી.એસ.એન. એલ.નું નેટવર્ક ગાયબ થતાં બી.એસ.એન. એલ.ના ગ્રાહકો રોષે ભરાયા હતા. ગામડામાંથી ઈડરમાં ખરીદી માટે આવેલા લોકો પણ નેટવર્ક ખોરવાઈ જવાના કારણે પોતાના પરિવાર સાથે સંપર્ક કરી શક્યા ન હતા. બી.એસ.એન.એલ.ની સેવાઓ આવી જ ખખડધજ રહેશે તો ઈડર તથા તાલુકામાં બી.એસ.એન. એલ.ના ગ્રાહકો નામશેષ થઈ શકે છે.

# ચૂંટણી જંગ : બાયડની સંસ્થાઓમાં બેસી રાજકીય ચંચૂપાત બંધ કરો, નહીંતર જોવા જેવી થશે

## યુવાઓની એક્તાથી અનેક લોકો હચમચ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

બાયડ નગરપાલિકાનો ચૂંટણી જંગ ઉમેદવારોના નામ જાહેર થાય તે અગાઉ પરાકાષ્ટાએ પહોંચી રહ્યો છે. બાયડની સંસ્થામાં બેસી રાજકીય ચંચૂપાત બંધ કરો નહીંતર અમે સંસ્થાઓને કોઈ નાણાંકીય મદદ નહીં કરીએ અને જોવા જેવી થશે તેવા સાર્વત્રિક સૂરમાં યુવાઓએ સંસ્થામાં પહોંચી દેકારો મચાવતાં સનસનાટી મચી ગઈ છે. બાયડના યુવાનોમાં પ્રથમવાર અનોખી એક્તા જોવા મળી છે જે આવનારા દિવસોમાં મોટી ઉથલ પાથલ અગાઉની સુનામી હોવાનો સંકેત આપી રહી છે.

શનિવારે સવારે એકાએક બાયડના કેટલાક યુવાનોએ બાયડમાં આવેલી પ્રતિષ્ઠિત સંસ્થામાં પહોંચ્યા હતા અને અહીંયાં સારૂ કરવા માટે તમારી નિયુક્તિ થઈ છે એટલે સૌનું ભલુ કરો પરંતુ રાજકીય ચંચૂપાતમાં મહેરબાની કરીને પડશો નહીંતર જોવા જેવી થશે. જોત જોતામાં મામલો એટલી હદે ગરમાયો કે જૂના બસ સ્ટેશનથી ગામ સુધી તેના તરંગો જોવા મળ્યા. જે રીતે વધી રહેલા રાજકીય ચંચૂપાત સામે યુવાનોએ આક્રમક્તા સાથે સંસ્થામાં પહોંચી દેકારો મચાવ્યો છે તે માત્ર આગ પહેલાંનો ધુમાડો છે. આગામી દિવસોમાં કોને ક્યાં રહેવું અને શું કરવું તેનો નિર્ણય અત્યારથી કરવો પડશે અન્યથા બાયડની અસ્મિતા સાથે ખેલનારાઓ સામે યુવાઓએ ત્રીજું લોચન ખોલ્યું છે જે કેવા પરિણામ લાવશે..?? તે કહેવું મુશ્કેલ છે. એથીય આગળ વધી ગામમાં જે પણ સંસ્થાઓ છે તેના વિકાસમાં અમારો પરિવાર અને વડવાઓ સહભાગી છે એ ન ભૂલશો અને જો આજ રીતે સંસ્થામાં બેસી રાજકીય ચંચૂપાત થતો રહેશે તો સંસ્થાને કરવામાં આવતી આર્થિક મદદ બંધ કરવાની પણ બંધ મુઠ્ઠીમાં ચીમકી આપવામાં આવી છે.



### તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં કોરોના વોરિયર્સ ચિત્ર સ્પર્ધા યોજાઈ

શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં ધો.૯ થી ૧૨ ના વર્ગો શરૂ થતાં છાત્રો કોરોનાના ઘર કરી ગયેલા ડરમાંથી બહાર આવે તે માટે કોરોના વોરિયર્સ ચિત્ર સ્પર્ધા યોજાઈ ગઈ. છાત્રોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધામાં ભાગ લીધો હતો. ગત માર્ચથી કોરોનાના કારણે શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ કાર્ય બંધ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જૂન મહિનામાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું ત્યારે તક્ષશિલા વિદ્યાલય-બાયડ દ્વારા વિદ્યાર્થીઓની ફી ની પરવા કર્યા વગર ઓનલાઈન શિક્ષણ કાર્ય શરૂ કરી દીધું હતું તેમજ વિદ્યાર્થીઓને સતત મોટીવેશન મળે તેવા પ્રયાસો હાથ ધર્યા હતા.